# વડગામ તાલુકાના ચાંગાના પરામાં પાણી ન આવતા કલેકટરને રજૂઆત

વડગામ,

વડગામ તાલુકાના ચાંગા ગામમાં આવેલા પરા વિસ્તારમાં ઘણા સમયથી પીવાનું પાણી ન અપાતાં આ વિસ્તારમાં રહેતા લોકો દ્વારા આખરે સ્થાનિક પંચાયત થી કંટાળી જઈ ને કલેકટર સમક્ષ રજુઆત કરવામાં આવી છે

ચાંગા ના પરા વિસ્તાર માં વસવાટ કરતા રહીશોને પાણી ની સમસ્યાને લઈ કલેકટરને લેખિત રજૂઆત કરી છે.અને રજૂઆત કરતા જણાવ્યું છે કે અમારા પરા વિસ્તારમાં છેલ્લા પંદર વર્ષ થી પીવાના પાણી માટે નો કકળાટ છે વારંવાર પંચાયત ના સ્થાનિક સત્તાધીશો ને રજુઆતો કરવા છતાં કોઈ જ સાંભળતું નથી

. આજ દિન સુધી પીવા ના પાણી માટે ની કોઈ જ વ્યવસ્થા પણ કરવામાં આવી નથી.અમે સ્થાનિકો આજુબાજુ માં આવેલા ખેતરો માં લોકોના બોરો પરથી પાણી ઉપાડી ને લાવીએ છીએ પીવા ના પાણી માટે વારંવાર રજુઆતો કરતા આવ્યા છીએ પરંતુ પંચાયત દ્વારા અમારા પ્રત્યે ઓરમાયું વર્તન રાખીને આજ દીન સુધી પાણી માટેની કોઈજ વ્યવસ્થા કરાઈ નથી

પંચાયત દ્વારા અમારા જોડેથી દર વર્ષે પાણી વેરો,લાઈટ વેરો અને સફાય વેરો નિયમિત રીતે વસુલવા માં આવી રહ્યો છે પરંતુ પ્રાથમિક સુવિધાઓ આપવામાં જ ઊણી ઉતરી રહી છે પરા વિસ્તાર

**સ્થાનિક રહીશો દ્વારા ગ્રામ પંચાયતના સત્તાધીશોને વારંવાર રજુઆતો કરવા છતાં પરિણામ શૂન્ય**

ના સ્થાનિક રહીશો દ્વારા છેલ્લા ૧૫ વર્ષ થી રજુઆતો કરીને કંટાળી ગયા છે પીવાના ટીપાં પાણી માટે વર્ષોથી વલખાં મારી રહ્યા છીએ છતાં ગ્રામ પંચાયત ના સત્તાધીશો દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી ના છુટકે કંટાળી જઈ ને લોકો દ્વારા કલેકટર ને રજુઆત કરવામાં આવી છે હવે જોવાનું કે કલેકટર સાહેબ આ લોકોને પીવાનુ પાણી અપાવવા મદદરૂપ બને છે કે શું ?

# પાલનપુર સિવિલ હોસ્પિટલના કામદારો ભૂખ હડતાળ પર ઉતર્યા

## ૮ કામદારોએ ઝેરી પ્રવાહી ગટગટાવ્યું છતાં સિવિલ સત્તાવાળાઓની ઊંઘ ન ઉડતા આખરે ભૂખ હડતાલનો આશરો લેતા સફાઈ કર્મીઓ

પાલનપુર, તા.૨૩

પાલનપુર સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ ૭ દિવસ થી હડતાલ પર છે.જોકે,આ કામદારોને ન્યાય ન મળતા આખરે સાતમા દિવસે ૫૦ જેટલા કામદારો કલેકટર કચેરી આગળ ભૂખ હડતાલ પર



ઉતરી ગયા છે.

પાલનપુર સિવિલ હોસ્પિટલ માં વર્ષોથી કામ કરતા કર્મચારીઓનો પગાર ઓછો કરી તેમને આડેધડ છુટા કરી દેવાના મામલે સાત દિવસથી આ કામદારો હડતાલ પર છે. જોકે, ૬ જેટલા કામદારોએ ફીનાઈલ ગટગટાવી જીવનનો અંત આણવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. દરમિયાન, આજે પચાસ જેટલા કર્મચારીઓ કલેકટર કચેરી ખાતે ભૂખ હડતાલ પર ઉતરી ગયા છે. જેઓએ સાત દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. અને ન્યાય નહીં મળે અથવા કોઈ અનહોની થશે તો જવાબદારી સરકારની રહેશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

જોકે, પાલનપુર સિવિલના ખાનગીકરણ બાદ સિવિલનો વહીવટ હસ્તગત કરનાર બનાસ મેડિકલ કોલેજના ચેરમેન માવજી દેસાઈ કલેક્ટર કચેરીએ આવ્યા હતા. પણ આ અંગે તેઓએ કઈ પણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો.

આમ, એક સપ્તાહ બાદ પણ પાલનપુર સિવિલ હોસ્પિટલના સફાઈ કામદારોની હડતાળ જારી રહી છે. ત્યારે સફાઈના અભાવે સિવિલમાં સારવાર અર્થે આવતા હજારો દર્દીઓ ના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

# અંબાજીમાં રેલવે બ્રાન્ડ બીસલરી પાણીની કાળાબજારી થઈ રહી છે

## ફક્ત રેલવે સ્ટેશનો ઉપર વેચાવું જોઈએ તે પાણી અન્ય બજાર અને દુકાનોમાં વેચાઈ રહ્યું છે

અંબાજી, તા. ૨૩

રાજસ્થાન અને ગુજરાતની સરહદ વિસ્તારમાં વસેલા અંબાજી શહેરની બજારોમાં રેલવે બીસ્લેરી કંપનીના પાણીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. અહીં આવતા શ્રદ્ધાળુઓ અને આમ જનતા સાથે થઈ રહી છે છેતરપિંડી. રેલવે બીસ્લેરી પાણીની કિમંત છે ૧૫ રૂ. અને વસુલવામાં આવે છે ૨૦ રૂ. હવે સવાલ એ છે કે રેલવે બીસ્લેરીનું પાણી રેલવેમાં મુસાફરી કરવાવાળા મુસાફરો માટે હોય છે અને ફક્ત રેલવે સ્ટેશન ઉપર જ વેચાવું જોઈએ તેવી શરત હોય છે તો આ પાણી અંબાજીની બજારોમાં આવ્યું ક્યાંથી ? રેલવે અધિકારીઓ અને વેપારીઓની મિલીભગતથી આવું થઈ રહ્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આ બાબતને લઈને લોકોના મનમાં ક્યાંકને ક્યાંક







ગુસ્સો પણ જોવા મળી રહ્યો છે. લોકોની સાથે અન્યાય અને દગો થઈ રહ્યો હોવાની લાગણી લોકોના મનમાં ઉભી થઈ રહી છે. તેથી લોકોનું માનવું છે કે આ બાબતે રેલવેતંત્ર યોગ્ય તપાસ કરી આવા કૌભાંડ સાથે સંકળાયેલા રેલવે અધિકારીઓ અને વેપારીઓ સામે કડક કાર્યવાહી કરે અને પાઠ ભણાવો જોઈએ.

# એકટીવા પર નાની બહેનને મુકવા આવેલ મોટી બહેનને કાળ ભરખી ગયો

## ડીસા રાજમંદિર પાસે શ્વાન વચ્ચે આવતા એકટીવા ચાલક યુવતી ગંભીર હદે ઘવાઈ : સારવાર દરમ્યાન યુવતીનું મોત

ડીસા, ૨૩

ડીસાના રાજ મંદિર પાસે શ્વાન વચ્ચે આવતા એકટીવા ચાલક



યુવતીએ શોર્ટ બ્રેક મારતા પટકાઈ હતી પરિણામે યુવતી ગંભીર રીતે ઘવાઈ હતી યુવતીને સારવાર માટે ડીસાની હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે મહેસાણા ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં આક્રંદ મચ્યો હતો.

ડીસાના જૈન નગર સોસાયટી ખાતે રહેતી ૨૧ વર્ષીય કિંજલબેન દિનેશભાઈ ઠક્કર મંગળવારે સવારે તેની નાની બહેનને મુકવા એકટીવા પર રાજ મંદિર પાસે આવી હતી તેની નાની બહેન ને રાજમંદિર છોડ્યા બાદ તે પરત થઈ હતી આ દરમિયાન રાજ મંદિર પાસે આવેલ પુલ પાસેથી પસાર થતા વચ્ચે શ્વાન આવતા તેને શોર્ટ બ્રેક મારી હતી. જેથી યુવતી ગંભીર હદે પટકાઈ હતી. બનાવના પગલે લોકોના ટોળેટોળા ઊમટી પડયા હતા. ઘાયલ યુવતીને સારવાર માટે ડીસાની ભણસાલી હોસ્પિટલમા ખસેડાઈ હતી. જોકે તેને વધુ સારવાર માટે મહેસાણા ખસેડવામાં આવી હતી જયાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજતા પરિવારમાં આક્રંદ મચ્યો હતો.

# રાધે ગોવિંદ નજીકથી બાઈક ચોરાયુ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના રાધે ગોવિંદ ફાર્મ પાસે આવેલ એક સોસાયટીના મકાન નંબર ૮૭ આગળ પાર્ક કરેલ રૂ. ૧૫ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.એએસ.૩૭૮૯ની ૧૩ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગેની ફરીયાદ સોમવારે જયંતીભાઈ બહેચરભાઈ પટેલે હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે વાહનચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**બનાસકાંઠા જિલ્લાનાના એસટી વિભાગના અધિકારીઓની અવળચંડાઈ**

# ઘેટાં બકરાની જેમ ભરીને ચાલતા લકઝરી અને લોડિંગ વાહન ચાલકો બેફામ : એસટી ખાતું મૌન

## જે ગરીબ લોકો નાની જીપમાં પેસેનેજર ભરીને પોતાનું ગુજરાન ચલાવે છે તેવા લોકો સામે રોફ બતાવી દંડ ફટકારી રહ્યા





પાલનપુર, તા.૨૩

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં એસટી વિભાગ દ્વારા બેફામ અને ઘેટાં બકરા ની જેમ ભરીને ચાલતા લગઝરી અને લોડિંગ વાહન ચાલકો સામે કાયદેસર ની કાર્યવાહી કરવાના બદલે તેમને છાવરી રહ્યા છે અને જે ગરીબ લોકો નાની જીપમાં પેસેનેજર ભરીને પોતાનું ગુજરાન ચલાબે છે તેવા લોકો સામે રોફ બતાવી દંડ ફટકારી રહ્યા છે ત્યારે એસટી વિભાગની આ કામગીરી જોઈ લોકોએ આવા અધિકારીઓ સામે ફિટકાર વરસાવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના એસટી વિભાગના અધિકારીઓ જે જે ધાનેરા વિસ્તારમાં આવી તપાસના નામે ગરીબી ને હેરાન કરી રહ્યા છે. ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં લકઝરી બસ અને લોડિંગ વાહનોમાં ઘેટાં બકરાની જેમ મુસાફરો બેસાડી લકઝરી ચાલકો બેફામ ચાલી રહ્યા છે ત્યારે તેમની સામે કાર્યવહી કરવાના બદલે તેમને છાવરી રહ્યા છે અને જે નાના વાહન ચાલકો મજૂરી કરી તેમનું ગુજરાન ચલાવે છે તેની ઉપર સત્તાનો દુરુપયોગ કરી રોફ જમાવે છે ત્યારે આજે આ એસટી વિભાગના કર્મચારીઓ આજે ધાનેરા વિસ્તારમાં તાપસ અર્થે આવ્યા હતા અને તાપસના નામે વાહન ચાલકો ને હેરાન કરી રહ્યા હતા તે સમયે વાહન ચાલકો દ્વારા મીડિયાને બોલાવતા મીડિયાની ટિમ પણ ત્યાં પહોંચી હતી અને ત્યાં જઈ જોયું તો આ અધિકારીઓ નાના વાહન ચાલકો ઉપર રોફ જમાવી રહ્યા હતા.

આ ઉપરાંત લકઝરી અને લોડિંગ ગાડીમાં ઘેટાં બકરા ની જેમ પેસેન્જર ભરી ચાલકો પસાર થઈ રહ્યા છે અને આ અધિકારીઓને જાણ કરવા છતાં પણ આ અધિકારીઓ લકઝરી કે લોડિંગ વાહનો સામે કરતા અનેક તર્ક વિતર્ક જોવા મળ્યા હતા તો બીજી તરફ નાના વાહન ચાલકો એ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મોટા વાહનવાળા એસટી વિભાગને હપ્તા પહોંચાડે છે અને અમે નાના વાહન ચાલકો તેમને હપ્તો નથી આપતા એટલે તે અમને હેરાન કરે છે ત્યારે જો આ વાત સત્ય હોય તો ખુબજ શરમજનક કહેવાય ત્યારે હવે જોવાનું એ રહે છે લગતા વળગતા અધિકારીઓ બનાસકાંઠાના એસટી વિભાગના અધિકારીઓ સામે શું પગલાં ભરે છે.

# તલોદ બડોદરાના પિયર જવા નીકળેલ વૃધ્ધા ખાનગી જીપ ચાલકની ભૂલના લીધે ભટક્યા

## ૧૮૧ અભયમ અરવલ્લી પહોંચી મદદે



તલોદ, તા. ૨૩

અરવલ્લી જીલ્લા ૧૮૧ અભયમની ટીમ અનેક લોકો માટે આશીર્વાદરૂપ બની છે. સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના બડોદરા ગામના વૃધ્ધા તેમના પિયર હિંમતનગર તાલુકાના નવલપુર જવા નીકળ્યા હતા. અમદાવાદ-મોડાસા રોડ પર આવેલી રોઝડી ચોકડી પરથી ખાનગી જીપમાં બેસતા જીપચાલકે વૃદ્ધાને ધનસુરા તાલુકાના નવલપુર ગામે ઉતારી દેતા વૃધ્ધા ભટકી ગયા હતા. આખો દિવસ ગામમાં ફરી ફરી વૃધ્ધા થાકીને ચક્કર ખાઈ પડી જતા માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી.

નવલપુર ગામના સરપંચ સહીત સ્થાનિક લોકો વૃધ્ધાની મદદે પહોંચ્યા હતા. વૃદ્ધાને શાંત્વના આપી પૂછપરછ કરતા વૃધ્ધા ડરી ગયા હોવાથી કંઈપણ જાણવાની સ્થિતિમાં ન હોવાથી સરપંચે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરતા અરવલ્લી જીલ્લા ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર જીજ્ઞા પટેલ અને કોન્સ્ટેબલ ઈલાબેન નવલપુર પહોંચ્યા હતા. વૃધ્ધા ડરી ગયેલા અને માથાના ભાગે ઈજા પહોંચી હોવાનું જણાતા સરકારી દવાખાને સારવાર આપી ગામનું નામ પુછતા ગભરાઈ ગયેલ વૃધ્ધા અલગ-અલગ ગામના નામ બતાવતા ૧૮૧ અભયમ ટીમ પણ મુશ્કેલીમાં મુકાઈ હતી.

૧૮૧ અભયમની ટીમે પોલીસતંત્રને જાણ કરતા પોલીસે પોલીસ સ્ટેશનો અને બંને જીલ્લાના સરપંચોના વિવિધ સોશ્યલ મીડિયાના ગ્રૂપોમાં મોકલતા વૃધ્ધા તલોદ તાલુકાના બડોદરા ગામના હોવાની માહિતી મળતા ૧૮૧ અભયમની ટીમ વૃધ્ધા મહિલાને લઈને બડોદરા ગામે પહોંચી પરિવારજનો સાથે મેળાપ કરાવતા પરિવારજનો અને ગ્રામજનોમાં આનંદ છવાયો હતો. વૃદ્ધ મહિલાના પરિવારજનો અને ગ્રામજનોએ અભયમ ટીમનો આભાર માન્યો હતો.





પ્રાંતિજ ખાતે ફલેગ માર્ચ યોજાઈ - સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજમાં વિવિધ વિસ્તારો બજાર સહિત સંવેદનશીલ વિસ્તારમાં ફલેગ માર્ગ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે આવેલ સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તથા જવાનો દ્વારા ફગેલ માર્ચ યોજાઈ હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી નિકળી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી નાની ભાગોળ, ભોઈવાસ, બજાર ચોક સહિતના વિસ્તારોમાં ફલેગ માર્ચ યોજાયું હતું. પ્રાંતિજ પી.આઈ. કે.એસ. બ્રહ્મભટ્ટ, આરએએફ અધિકારી રણછોડ પ્રસાદ, પ્રાંતિજ પીએસાઈ સહિત પ્રાંતિજ પોલિસ જવાન તથા આરએએફના જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી.

# હિંમતનગરના ગઢોડા ગામ નજીક શ્રમિક મહિલા પર ગેંગ રેપ

## જીલ્લા એલસીબીએ ૨ આરોપીને દબોચ્યા, ત્રણ આરોપીઓને ઝડપી પાડવા મોડાસામાં કોંબીંગ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના ગઢોડા ગામની સીમમાં ખેતરમાં ખેતમજુર તરીકે જીવન નિર્વાહ ચલાવતા આદિવાસી પરિવાર પાસે શનિવારે પરોઢિયે ઝાયલો કારમાં ૫ શખ્સો પહોંચી કાર બગડી હોવાનું જણાવી પાણી માંગ્યું હતું. ઓરડીમાં રહેલી શ્રમજીવી મહિલાને જોઈ જતા પાણી માંગવાના બહાને આવેલા ૨ શખ્સો ઓરડીમાં ઘસી જઈ શ્રમજીવી ખેડૂત અને તેના ૫ બાળકોને ઓરડીમાં એકબાજુ બેસાડી જાનથી મારી નાખવાનો ડર બતાવી ખેત મજુર મહિલા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરી ખેત મજૂરને માર મારી તમામને ઓરડીમાં પુરી પાંચે શખ્સો ફરાર થઈ ગયાની ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો.

૫ સંતાનોની માતાની જીંદગીને નર્ક બનાવનાર ગેંગરેપની જઘન્ય ઘટનાની ગંભીરતાના પગલે જીલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિકે જીલ્લા એલસીબી પોલીસ સહીત ૧૫ અલગ-અલગ ટીમો બનાવી સઘન તપાસ હાથ ધરી હતી. દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાના જણાવ્યા અનુસાર ૫ શખ્સો સફેદ કારમાં આવ્યા હોવાની માહિતીના આધારે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓએ ગુન્હામાં વાપરેલી ઝાયલો કારની ઓળખ કરી લીધી હતી. જીલ્લા એલસીબી પી.આઈ. વી.આર. ચાવડાને બાતમી મળી હતી કે સહકારી જીન પાસેથી ઝાયલો કાર પસાર થવાની હોવાથી ઝાયલો કારને ઝડપી પાડી ઝાયલો કારના માલિક રામાભાઈ અભાભાઈ વાદી (રહે. માલવણ, તા. તલોદ) અને કારમાં રહેલા શાહરૂખ ઉર્ફે બોડો યાકુબ મુલતાની (રહે. રાણાસૈયદ, મૂળ રહે. સંતરામપુર, જી.મહીસાગર)ને દબોચી લઈ આગવી ઢબે પૂછપરછ કરતા સમગ્ર ગેંગરેપનો પર્દાફાશ થયો હતો.

જેમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તા.૧૯-૭-૧૯ના રોજ સાંજના સાતથી આઠના સમય ગાળામાં રામાભાઈ અભાભાઈ વાદીની મહિન્દ્રા જાયલો (ગાડી નંબર જીજે.૦૮.આર.૮૨૮૩)માં શાહરૂખ ઉર્ફે બોડો યાકુબભાઈ મુલ્તાની (રહે. રાણાસૈયદ, મોડાસા) તોફીક સફી શેરખા મુલ્તાની, સીરાજ યુસુફ મુલ્તાની, સાજીદ યુસુફ મુલ્તાની (તમામ ત્રણે રહે. ચાંદટેકરી, મોડાસા) મીરાદાતાર ખાતે દર્શન માટે ગયા હતા. રસ્તામાં જમીને પાંચેય જણા પરત હિંમતનગર આવી હિંમતનગરથી મોડાસા જતા રસ્તામાં કોઈક જગ્યાએ ઢોર ચોરી કરવાના ઈરાદે નીકળેલ અને ફરતા ફરતા રાત્રીના ગઢોડા ગામની સીમમાં આવેલ ત્યાં એક ખેતરની ઓરડી જણાતા તે ઓરડી ઉપર ઢોર બાંધેલ હશે તેમ માંની ગાડીમાંથી ઉતરી પાંચેય જણા તે ઓરડી નજીક ગયેલા તો ત્યાં ઓરડીની બહાર ખેતરમાં પહોંચી શ્રમજીવી પરિવાર પાસે પાણી માંગતા પાણી આપવા શ્રમજીવી મહિલાને જોઈ દાનત બગડતા બે નરાધમોએ શ્રમજીવી પરિવારને ઓરડીમાં પુરી દઈ શાહરુખ ઉર્ફે બોડો યાકુબભાઈ મુલ્તાની તથા તોફીક સફી શેરખા મુલ્તાની ઓરડીમાં જઈ શ્રમજીવી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી પરિવાર સામે બંને નરાધમોએ દુષ્કર્મ આચર્યું હતું. બંને આરોપીઓ દુષ્કર્મ આચરતા હતા ત્યારે રામાભાઈ અભાભાઈ વાદી ઓરડીના દરવાજા પાસે ઉભો રહેલ તેમજ સીરાજ યુસુફ મુલ્તાની રહે. ચાંદટેકરી, મોડાસા તથા સાજીદ યુસુફ મુલ્તાની રહે. ચાંદટેકરી, મોડાસાનાઓ ઓરડીની નજીકમાં ઉભા રહ્યા હતા બંને આરોપીઓ દુષ્કર્મ આચરી ઓરડી બહાર નીકળી શ્રમજીવી પરિવારને ઓરડીમાં પુરી દઈ રફુચક્કર થઈ ગયા હતા અને ત્યાંથી ઝાયલો કારમાં બેસી રફુચક્કર થઈ ગયા હતા. ઝડપાયેલા બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ દુષ્કર્મના કેશમાં ફરાર તોફીક સફી શેરખા મુલ્તાની, સીરાજ યુસુફ મુલ્તાની, સાજીદ યુસુફ મુલ્તાની (તમામ રહે. ચાંદટેકરી, મોડાસા)ને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા.

સાબરકાંઠા એલસીબી પોલીસની ત્રણ ટીમોએ અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સાથે મળી પશુ તસ્કરી અને ગૌમોસ માટે અને ગેરકાયદેસર કતલખાના ચલાવતા કુખ્યાત વિસ્તાર એવા મોડાસાના રાણાસૈયદ અને ચાંદટેકરી વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું પરંતુ ગેંગરેપના આરોપીઓ ફરાર થઈ જતા પોલીસ પકડથી બચી ગયા હતા.

# શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીને પીકઅપ ડાલાની ટક્કરથી મોત

**પોલીસતંત્રનું ગાર્ડ ઓફ ઓનર**

શામળાજી, તા. ૨૩

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર ૬ કલાકના સમયગાળામાં વાહનચાલકોની બેદરકારીની પગલે અકસ્માતમાં બે નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો. શામળાજી પોલીસ સ્ટેશનના અને રતનપુર ચોકી પર ફરજ બજાવતા એ.એસ.આઈ.



સુરેશભાઈ કાંતિભાઈ બારોટને પીકઅપ ડાલાના ચાલકે અડફેટે લેતા પોલીસ કર્મચારીનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ચકચાર મચી હતી. શામળાજી પીએસઆઈ સંજય શર્મા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ભારે હૈયે પોતાના કર્મચારીના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સુરેશભાઈ બારોટનું ફરજ દરમિયાન મોત નિપજતા તેમના માદરે વતન ઈટાડી ખાતે જીલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિતિમાં મૃતક એસ.આઈ.ને જિલ્લા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ.નું અકસ્માતમાં મોત નિપજતા પોલીસ બેડામાં શોકનું મોજું ફરી



વળ્યું હતું. એએસઆઈના પરિવારજનો અને સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં શામળાજી રેફરલ હોસ્પિટલમાં પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

મોડાસા તાલુકાના ઈટાડી ગામના અને શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. સુરેશભાઈ કાંતિભાઈ બારોટ સોમવારે રતનપુર ચેકપોસ્ટ પર ઉભી કરાયેલી ચોકીમાં ફરજ બજાવતા હતા. રાત્રીના સુમારે ચાલતા પસાર થઈ રહ્યા હતા શામળાજીથી ઉદેપુર તરફ જઈ રહેલ પીકઅપ ડાલા (ગાડી.નં-જીજે.૩૧. ટી. ૦૬૬૬) ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી સુરેશભાઈને ટક્કર મારતા પોલીસ કર્મચારીના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી જતા ભારે ચકચાર મચી હતી. શામળાજી પોલીસે રતાપુર પોલીસ ચોકીએ ફરજ બજાવતા સહ કર્મચારી મહેશકુમાર બાબુભાઈ રાવળની ફરિયાદના આધારે અકસ્માત સર્જી પીકઅપ ડાલુ મૂકી ફરાર પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી પીકઅપ ડાલાના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.